### 'ઈન્ટરનેશનલ બેરફૂટ રનિંગ ડે' ઉજવણીમાં

# ગાંધીનગરમાં ૩૦૦ રનર્સ ખુલ્લા પગે ૧૦ કિમી દોડ્યા





ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર રનર્સ ગૃપ દ્વારા રવિવારે એક એનોખી દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. પાંચમી મેના રોજ ઈન્ટરનેશનલ બેરફૂટ રનિંગ ડે સમગ્ર વિશ્વમાં ઉજવાય છે. આ દિવસે રનર્સ ખુલ્લા પગે દોડે છે.

ગાંધીનગર રનર્સ દ્વારા યોજાયેલી આ બેરફૂટ રનિંગમાં ગાંધીનગર, અમદાવાદ, વડોદરાના થઈ કુલ ૩૦૦થી વધુ રનર્સ ખુલ્લા પગે દોડ્યા હતા. આ રનિંગ ગાંધીનગર જીમખાના, સેક્ટર-૧૯ ખાતેથી શરૂ થઈ હતી. આનું ફલેગ ઓફ ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જીગાબાપુ, ડીવાયએસપી ધારૈયા અને પ્રવીણકુમાર ટીઓટીઆ દ્વારા કરવામાં આવ્યું હતું.

પાંચ કિમી અને ૧૦ કિમી એમ બે વિભાગની આ બેરફૂટ દોડમાં પુનિતવનની આજુબાજુના રસ્તા પર રનર્સ ખુલ્લા પગે દોડ્યા હતા. ઉલ્લેખનીય બાબત એ હતી કે પ્રવીણકુમાર ટીઓટીઆ એ ૨૬/૧૧ના તાજ હોટેલના આતંકવાદી હુમલા વખતે ત્યાં પહોંચનાર પ્રથમ માર્કોસ હતા. તેમને ત્રણ ગોળીઓ વાગી હતી. ત્યારબાદ છ જ મહિનામાં સારા થઈ તેમણે મલેશિયા અને સાઉથ આફ્રિકામાં આયર્નમેનનો ખિતાબ જીત્યો હતો. હાલ તેઓ મુખ્યમંત્રીના ચેતક કમાન્ડોને ટ્રેનિંગ આપી રહ્યા છે. બેરફૂટ રનિંગમાં નિશ્ચિત સમય મર્યાદામાં દોડ પૂરી કરનારને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગાંધીનગર રનર્સ ગૃપે સતત બીજે વર્ષે આ દોડનું કર્યું હતું. વિશેષ એટલે આ દોડમાં મહિલા દોડવીર મોટી સંખ્યામાં હાજર હતી.



માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશન દ્વારા દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબમાં મે મહિનામાં પુસ્તકપ્રેમીઓ ઉમટ્યા હતા. ગ્રીષ્મના ખીલેલા ગરમાળા વચ્ચે સાહિત્યપ્રેમીઓનો મેળાવડો જામ્યો હતો. પ્રજ્ઞાબહેન પટેલના માર્ગદર્શન હેઠળ યોજાતી પુસ્તક પરબમાં કિશોર જીકાદરા, સંજય થોરાત, રોહિણી પરમાર, ધુર્જટી પ્રજાપતિ, મુળજીભાઈ પરમાર, અશોક ત્રિવેદી, દિશાન્ત ગર્ગ, તાહિર શેખ, કિન્નરી ત્રિવેદી વગેરે સભ્યો નિસ્વાર્થ ભાવે એમની સેવાઓ આપે છે.





આ વખતની પુસ્તક પરબમાં કુલ ૪૪૯ પુસ્તકો, ૩૯૨ સામયિકોની આવક થઈ જ્યારે ૨૦૨ પુસ્તકો અને ૧૫૭ સામયિકોની જાવક થઈ હતી. ગરમીના માહોલ છતાં લગભગ ૧૫૦થી વધુ સભ્યોએ પુસ્તક પરબની મુલાકાત લીધી હતી. પુસ્તક પરબ દરમિયાન સિમ્સ સંસ્થાના સભ્યો સ્વયંસેવક અને સ્વચ્છતાનું કાર્ય નિસ્વાર્થ ભાવે કરે છે. ગાંધીનગરની પુસ્તક પરબ એનો આગવો ચાહકવર્ગ ધરાવે છે.

## જન્મદિને વધામણી



નીતિનભાઈ નારાયણભાઈ મહેરિયા
મો. ૯૯૭૯૯ ૩૬૩૯૯



હ્રિધાન સેહુલ સોની
મો. ૯૮૭૯૪ ૨૩૦૮૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# હરે કૃષ્ણ મંદિરનો પાટોત્સવ ચરમસીમાએ





ગાંધીનગર, તા. ૬

ભગવાન શ્રી શ્રી રાધા માધવના હરે કૃષ્ણ મંદિર, ભાડજમાં ઉજવાઈ રહેલ ચતુર્થ પાટોત્સવ ઉજવણીના ત્રીજા દિવસની શરૂઆતથી હરે કૃષ્ણ મંદિર,ભાડજમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ અને ભાવિકો વિવિધ રાજયોમાંથી ઉત્સવમાં ભાગ લેવા આવતા ઉત્સવમાં ભક્તિ અને ઉલ્લાસની તિવ્રતામાં ઉમેરો થયો હતો. આ ઉત્સવ ભગવાન શ્રી રાધા માધવના હરે કૃષ્ણ મંદિર, ભાડજમાં થયેલ સ્થાપનને ચાર વર્ષ પૂર્ણ થતા આ નિમિત્તે ઉજવાતો ઉત્સવ છે. ભગવાન શ્રી રાધામાધવને દક્ષિણ ભારત શૈલીમાં પરંપરાગત ભરતનાટયમ વસ્ત્રોથી ખૂબ જ સુંદર રીતે શણગારવામાં આવ્યા હતા. ભગવાનશ્રી ને શણગારવામાં માટે વિશેષ પુષ્પો દક્ષિણભારતથી મંગાવવામાં આવ્યા હતા. પાટોત્સવ તહેવારને આગળ ધપાવતા ત્રીજા દિવસે સર્વશક્તિમાન ભગવાન શ્રી રાધા માધવની ભવ્ય રથયાત્રા સાથે શરૂઆત થઈ હતી. આ કાર્યક્રમ માટે ખાસ રીતે રથ બનાવેલ છે અને દર વર્ષે વાર્ષિક પાટોત્સવ ફેસ્ટિવલ દરમિયાન ઉપયોગ કરવામાં આવે છે. આશરે ૨૦૦૦૦ કરતા પણ વધુ ભક્તો ભગવાનશ્રીના દર્શનનો લાભ લેવા એકઠા થયા હતા અને રથને ખેંચવાની તક ઝડપી હતી. વિવિધ જાતના ખાસ રીતે બનાવેલ પ્રસાદને રથયાત્રા દરમ્યાન ભક્તોમાં વહેંચવામાં આવ્યા. હરે કૃષ્ણ મંદિર,ભાડજના ભક્તો દ્વારા રથયાત્રાની સાથોસાથ અતિઆનંદાયક હરિનામ સંકિર્તન કરવામાં આવ્યુ હતું.

કૃષ્ણલીલા વિષયવસ્તુ પર લોકનૃત્યુની પેશગી પ્રાપ્તિ શાહ એન્ડ ગૃપ દ્વારા કરવામાં આવી અને હીંડોળા ઉત્સવ યોજવામાં આવ્યો હતો. દિવસના અંતે કાર્યક્રમના અંતસ્વરૂપ ભવ્ય મહામંગલા આરતી અને હિંડાળા ઉત્સવ યોજવામાં આવ્યો જેના કારણે બધા ભક્તોને સુંદર રીતે સજાવટ કરેલ ગાદી પર બિરાજમાન ભગવાનને ઝૂલાવવાની અમૂલ્ય તક પ્રાપ્ત થઈ હતી.

# એનઈઈટી : આ તે પરીક્ષા કે જંગલિયત?

**પ્રસંગસર**
**કુંતલ નિમાવત**

રવિવારે નેશનલ એલિજિબિલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (એનઈઈટી) લેવામાં આવી ત્યારે વિદ્યાર્થીઓ ઉપર આચરવામાં આવતી જંગલિયત પણ સામે આવી હતી. તંત્ર એમ કહેતું હોય કે આ તો રૂટિન છે અને દર વખતે આવી જ રીતે આ એક્ઝામ લેવામાં આવે છે તો એક્ઝામ આપનારે એનો વિરોધ કરવો જોઈએ. એક્ઝામ સામે વિરોધ નથી પરંતુ એક્ઝામમાં તકેદારીના નામે જે જંગલિયત આચરવામાં આવે છે તેનો વિરોધ તો અવશ્ય થવો જોઈએ. ?આટલી ગરમીમાં બપોરે બેથી પાંચ વાગ્યા સુધીનો સમય એક્ઝામ માટે રાખવાનો, શું આ અયોગ્ય નથી ? આટલી ગરમીમાં પણ વિદ્યાર્થિનીઓએ વાળ બાંધવાનાં નહીં, વાળ છુટ્ટા રાખીને જ આવવાનું ! મને તો લાગે છે કે આ પરીક્ષાતંત્રમાં કોઈ મહિલા નહીં હોય, નહીંતર આવી લાગણીહિનતા તો ન જ હોય.

૨ વાગ્યાની એક્ઝામ માટે વિદ્યાર્થીઓને ૧૨ વાગ્યે બોલાવી લેવાના અને ૧૨થી ૨ દરમિયાન કરવાનું શું ? વિદ્યાર્થીઓનું સઘન ચેકિંગ ! એમણે ક્યાંય કાપલી તો નથી છુપાવીને ! બુટ નહીં પહેરવાનાં, ટ્રાન્સપરન્ટ રાઈટિંગ પેડ જ વાપરવાનું, ટ્રાન્સપરન્ટ બોટલ, કંપાસ બોક્સ એવા ગુજરાત શિક્ષણ બોર્ડ જેવા નિયમો તો ખરા જ, પરંતુ ઉપરથી વધારાની કડકાઈઓ પણ ખરી.

૧૨ વાગે વિદ્યાર્થીઓને બોલાવી તો લેવાના, પણ ક્લાસમાં એન્ટ્રી નહીં આપવાની, ના બહાર જવા દેવાના. મતલબ કે સ્કૂલના કંપાઉન્ડમાં જ ખડા કરી દેવાના. બે કલાક સુધી એમનું સઘન ચેકિંગ થાય. વિદ્યાર્થીઓને ગરમીને કારણે તો પરસેવો થતો જ હોય, પરંતુ એનાથીય વધુ ગભરામણ આ ચેકિંગને કારણે થતી હોય.

કારણ શું ? બટનવાળાં કપડાં નહીં પહેરવાનાં, ખિસ્સાવાળાં કપડાં નહીં પહેરવાનાં ! કેટલાંક પરીક્ષાકેન્દ્રો પર બહારગામથી વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે આવ્યા હતા, જે શર્ટ પહેરીને આવ્યા હતા. એમને શર્ટ ઉતરાવીને માત્ર ગંજીભેર પરીક્ષા આપવાની ફરજ પાડવામાં આવી એવું સાંભળ્યું, ત્યારે ખરેખર શરમ ઉપજી ગઈ !

સતર્કતા તમે રાખી નથી શકતા, ચોરી તમે નથી પકડી શકતા એના કારણે વિદ્યાર્થીઓનાં કપડાં શું કામ ઉતરાવો છો ? તમારી નિષ્ફળતાની કિંમત વિદ્યાર્થીઓ પાસેથી શું કામ વસૂલો છો ? હોય તમારામાં આવડત તો પકડી બતાવો ચોરી, જે તમારાથી અડધી વયના વિદ્યાર્થીઓ કરી શકે છે !

એક છોકરીના લોઅર પર માત્ર ફેશન પૂરતું બટન હતું, તોય એને ધમકાવવામાં આવી, ના પાડી છે તોય બટનવાળું કેમ પહેરી લાવ્યા ? એટલેથીય સંતોષ ન થયો તો બટન કાપીને પછી જ એને પરીક્ષાખંડમાં જવા દેવામાં આવી. તો વળી એક સ્કૂલે વિદ્યાર્થિનીઓને ચોક્કસ પ્રકારનાં આંતરવસ્ત્રો પહેરવાની સૂચના આપી હોવાની પણ ચોંકાવનારી વાત બહાર આવી છે. અલબત્ત, આ વાત ચર્ચાઈ રહી છે, પણ જો એમ હોય તો ખરે જ આ એક શરમજનક બાબત છે.

એક પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થી મોડો પડ્યો. મોડો એટલે ? બે વાગ્યાનું પેપર હતું, બાર વાગ્યે બોલાવવામાં આવ્યો હતો ને પહોંચ્યો પોણા બે વાગે. તો એને પરીક્ષામાં બેસવા ન દેવાયો. ચાલો માન્યું કે એને સૂચના આપવામાં આવી હતી એના કરતાં પોણા બે કલાક લેટ હતો અને તંત્ર એટલું સક્ષમ નહોતું કે પંદર મિનીટમાં એક વિદ્યાર્થીનું ચેકિંગ કરીને એને પરીક્ષા ખંડ સુધી મોકલી શકે એટલે એને પરીક્ષા ન આપવા દેવાઈ. પરંતુ હદ તો ત્યાં છે કે એને પરીક્ષા કેન્દ્રના પરિસરની બહાર પણ ન જવા દેવાયો. એનો અર્થ એ કે વિદ્યાર્થી પરીક્ષાખંડમાં પણ ન જઈ શકે અને સ્કૂલના કંપાઉન્ડની બહાર પણ ન જઈ શકે, ના કંપાઉન્ડમાં ક્યાંય છૂટથી હરીફરી શકે. પરાણે એને પાંચ વાગ્યા સુધી કંપાઉન્ડમાં એક જ સ્થળે બેસાડી રાખવામાં આવ્યો. બહુ કગર્યો એ, અન્ય વાલીઓ પણ કગર્યા પણ સ્થાનિક તંત્રએ કશું સાંભળ્યું જ નહીં.

આવી જંગલિયત દેખાડીને આખરે પરીક્ષાતંત્ર સાબિત શું કરવા માગે છે ? અને શા માટે આટલી હદે બંદિશો ? તમારી પાસે પૂરતું વ્યવસ્થાતંત્ર, માણસો કે આવડત નથી એ માટે ?

જો કે વાંક વાલીઓનો ને વિદ્યાર્થીઓનો પણ છે. કેરિયર પાછળનું પાગલપન એમને આ બધી વાતો અવગણવા માટે મજબૂર કરે છે. હા, કેટલાક વાલીઓને હૈયા આ વાતો વાગે છે, પણ તેઓ વિરોધ કરવાની હિંમત નથી કરતા કારણ કે બાકી બધા વાલીઓએ કેરિયર પાછળ હોડ લગાવી છે. એ હોડમાં પોતાનું સંતાન પાછળ રહી જશે એ બીકે તેઓ પણ આ હોડમાં ઢસડાઈ રહ્યા છે. અને એ જ કમનસીબી આવા પરીક્ષાતંત્રોની હિંમત વધારી રહી છે. અલબત્ત, અતિની ગતિ નહીં એ વાત તંત્રએ પણ સમજી લેવાની જરૂર છે. આજે એક અવાજ ઉઠ્યો છે, કાલે બીજા પણ ઉઠશે એ યાદ રાખવું જોઈએ.

## ચેકિંગના નામે લાખો વિદ્યાર્થીઓને કલાકો પરેશાન કરવાથી એ દબાણમાં જ આવશે

# ગાંધીજીનો વિનોદ

॥ વીસસમો મણકો ॥

### ૫૧ - આ ન્યાય ક્યાંનો ?

એકવાર સેવાગ્રામમાં આશ્રવાસીઓ ગાંધીજયંતી ઉજવી રહ્યા હતા. બાપુ, બા પણ તે વેળા હાજરહ તાં. કેટલાંક જણ બા-બાપુને માટે ભેટો પણ લાવ્યાં હતાં. તેમાં બહેનો બા માટે સાડી લાવ્યાં હતાં. સાડી પોતાની પાસે મૂકેલી જોઈ બાપુ હીસને કહેવા લાગ્યા,

અરે, શું તમે મને સાડી પહેરાવવા ઈચ્છો છો ?

બહેનો : ના જી, એ તો બા માટે છે.

ગાંધીજી : જયંતી મારી અને ભેટ બાને ! એ ન્યાય કેવો ?

સૌ ખડખડ હસી પડ્યાં.

### ૫૨ - સાર તો આ ડબ્બીમાં છે

ગોળમેજી પરિષદમાં હાજરી આપવા ગાંધીજી ઈંગ્લેન્ડ જઈ રહ્યા હતા. ત્યારે એક ગોરો ગાંધીજીની ઠેકડી કરતો હતો. એક દિવસ તેણે ગાંધીજી વિશે વ્યંગમય કવિતા લખી અને ગાંધીજીને વાંચવા આપી. ગાંધીજીએ તેને ફાડીને કચરાની ટપોલીમાં ફેંકી દીધી. પણ તેમાં ખોસેલી પિન કાઢી લીધી અને સાચવીને પોતાની દાબડીમાં મૂકી દીધી.

ગાંધીજીને ચીડવવાની પોતાની કળા એળે જતી જોઈ તે બોલી ઉઠ્યો, અરે ગાંધી ! આ કવિતા વાંચો તો ખરા ! તેમાં તમારે માટે કંઈક સાર છે.

ગાંધીજી (દાબડીમાં સાચવેલી પેલી પિન તરફ આંગળી ચીંધીને) હા, હા, જે સાર હતો તે તો મેં આ ડબ્બીમાં મૂકી દીધો છે.

ગાંધીજીના વિનોદયુક્ત કટાક્ષથી પાસે બેઠેલા સાથીઓ અને બીજા ગોરાઓ હસી પડ્યા. મહાત્માની ફજેતી કરવા જતાં પોતાની જ ફજેતી થયેલી જોઈ પેલો ગોરો ઝંખવાણો પડી ગયો અને ગાંધીજીને ગાળ દેવાનું ભૂલી ગયો.

### ૫૩ - સ્વાદની હિંસાનો વાંધો નથી

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર પત્રકાર લૂઈ ફિશર એકવાર સેવાગ્રામમાં ગાંધીજી સાથે એક અઠવાડિયું રહેવા આવ્યા હતા ત્યારે જમવાનું તેમણે ગાંધીજી સાથે જ રસોડામાં રાખ્યું હતું. જમતાં જમતાં એક દિવસ ગાંધીજીએ કહ્યું,

ફિશર, તમારી થાળી આ તરફ લાવો, તમને થોડાં શાકભાઈ આપું.

ફિશર : મેં તો સ્પીનાચ વગેરે બે દિવસમાં ચારગણા ખાધાં છે. હવે વધુ ખાવાની ઈચ્છા નથી.

ગાંધીજી : તમને શાકભાજી ભાવતાં નથી ?

ફિશર : ત્રણ ત્રણ દિવસથી સતત આ શાકો ખાઈએ છીએ એટલેહવે તેનો સ્વાદ ગમતો નથી.

ગાંધીજી : અરે, તમારે થોડું મીઠું અને લીંબુનો રસ ઉમેરવો જોઈએ.

ફિશર : શું તમે મારા સ્વાદને મારી નાખવાનું કહો છો ?

ગાંધીજી (હસીને) : ના રે, હું તો સ્વાદને સમૃદ્ધ કરવાનું કહું છું.

ફિશર : ગાંધી, તમે તો એટલા બધા અહિંસક છો કે સ્વાદને પણ મારતા નથી.

ગાંધીજી : માનવજાત માત્ર એટલું જ મારીને અટકતી હોત તો હું કદાપિ વાંધો ન લેત.

પછી ફિશરે પોતાના શરીર પરથી પરસેવો લૂછતાં કહ્યું,

બીજી વાર હું હિંદમાં આવું ત્યારે તમે સેવાગ્રામમાં ઍરકન્ડિશનીંગ કરાવજો અથવા વાઈસરૉયના મહેલમાં રહેવા જજો.

ગાંધીજી (સ્મિત કરીને) : જોઈશું, જોઈશું.

આમ વિનોદના વાતાવરણમાં ભોજન પૂરું થયું.

### ૫૪ - નાતાલની ભેટ

ગોળમેજી પરિષદમાંથી ગાંધીજી હિંદ પાછા આવ્યા તે પહેલાં સરકારે જવાહરલાલજી અને સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફાર ખાનને પકડી લીધા હતા. એ સમાચાર ૨૮મી ડિસેમ્બરે જ્યારે ગાંધીજીને આપવામાં આવ્યા ત્યારે તેમણે વિનોદ કર્યો,

આપણા ખ્રિસ્તી વાઈસરોય લોર્ડ વિલિંગ્ડનની એ તો નાતાલની ભેટ છે.

'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર